# Telephone conversation between Prime Minister and President of Philippines

June 09, 2020

## વડાપ્રધાન અને ફિલિપાઈન્સનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

જૂન 09, 2020

આજે વડાપ્રધાને ફિલિપાઈન્સનાં રાષ્ટ્રપતિ મહામહિમ રોડ્રિગો ડ્યુટેર્ટે સાથે ટેલીફોન પર વાત કરી હતી, અને કોવિડ-19 મહામારીમાંથી ઉદ્‌ભવતાં પડકારોને સંબોધવા બન્ને સરકારો દ્વારા લેવામાં આવી રહેલા પગલાઓની ચર્ચા કરી હતી.

બન્ને નેતાઓએ ચાલું આરોગ્યની કટોકટી દરમિયાન એકબીજાનાં દેશોમાં તેઓનાં નાગરિકોની સુખાકારી સુનિશ્ચિક કરવા, તથા તેઓની ઘર વાપસી માટે પ્રદાન કરવામાં આવેલા સહકાર માટે પ્રશંસા વ્યક્ત કરી હતી. ફિલિપાઈન્સનાં રાષ્ટ્રપતિએ ભારત દ્વારા ફિલિપાઈન્સને પૂરા પાડવામાં આવી રહેલા અગત્યનાં ફાર્માસ્યુટિકલ્સ ઉત્પાદનોનાં પૂરવઠાને જાળવી રાખવા માટે લેવામાં આવેલા પગલાઓની પણ પ્રશંસા કરી હતી.

વડાપ્રધાને રાષ્ટ્પરતિ ડ્યુટેર્ટેને આ મહામારી સામેની લડાઈમાં ફિલિપાઈન્સને સહાયતા કરવાની ભારતની પ્રતિબદ્‌ધતાની ખાતરી આપી હતી અને ભારપૂર્વક કહ્યું હતું કે એકવાર શોધ થઈ જાય પછી પ્રારંભિક રસી સહિત સસ્તા ફાર્માસ્યુટિકલ્સ ઉત્પાદનોનાં નિર્માણની ભારતની સુસ્થાપિત ક્ષમતા સમગ્ર માનવજાતનાં ફાયદા માટે કામે લગાડવાનું ચાલું કરશે.

નેતાઓએ સંરક્ષણ સહકાર સહિત દ્વિપક્ષીય સંબંધનાં તમામ પાસાઓમાં તાજેતરનાં વર્ષોમાં જોવા મળેલી પ્રગતિ પર તેઓનો સંતોષ વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાને ભારપૂર્વક કહ્યું હતું કે ભારત ફિલિપાઈન્સને ઈન્ડો-પેસિફિક પ્રાંતમાં એક મહત્વનાં સાથીદાર તરીકે જુએ છે.

વડાપ્રધાને આવનારા ફિલિપાઈન્સનાં રાષ્ટ્રિય દિવસ માટે મહામહિમ રાષ્ટ્રપતિ ડ્યુટેર્ટે અને ફિલિપાઈન્સનાં લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**જૂન 09, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.